ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન", એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૨૧૨,૨૬૫૭૮૨૧૩ ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૫૮૯
website : www.gujratcongress.org• E-mail: gpcc1234@gmail.com

અખબારી યાદી તા. ૧૩-૦૭-૨૦૨૨

- **ગુજરાતની જનતાએ નક્કી કર્યું છે કે, ભાજપની આ ગૌરવયાત્રા નહિ વિદાયયાત્રા છે.**
- **ગુજરાતમાં વારંવાર પેપર ફુટવાની ઘટના એ ભાજપની ઓળખ બની ગઈ છે.**

અણઘડ વહિવટ અને બેદરકારીને કારણે ગુજરાતના નાગરિકો પારાવાર મુશ્કેલી અનુભવી રહ્યાં છે ત્યારે ગુજરાતના નાગરિકોને માફી માંગવાને બદલે ગૌરવયાત્રા લઈને નિકળેલા ભાજપ પર આકરા સવાલો કરતા કોંગ્રેસ પક્ષના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી આલોક શર્માએ જણાવ્યું હતું કે, ગુજરાત અને દેશનું અર્થતંત્ર ખાડે ગયું છે. 84 રૂપિયે ડોલર પહોંચ્યો, શું તેની ગૌરવ યાત્રા લઈ ભાજપ નીકળી છે. કોરોના કાળમાં ઑક્સિજન - બેડ - ઈન્જેક્શન વગર લાખો લોકો મૃત્યુ પામ્યા, વારંવાર પેપર ફૂટ્યા, 100 રૂપિયા લીટર ને પાર પેટ્રોલ - ડીઝલ, રાધણગેસ અને સીંગતેલ સહિતમાં આગઝરતી મોંઘવારી વગેરે ભાજપની ગુજરાતને ભેટ છે. શું આ માટે ભાજપ ગૌરવયાત્રા લઈને નિકળ્યું છે ? ગુજરાતની જનતાએ નક્કી કર્યું છે કે, ભાજપની આ ગૌરવયાત્રા નહિ વિદાયયાત્રા છે. 27 વર્ષથી વધતો ભ્રષ્ટાચાર અને અણઘડ વહિવટ માટે ગુજરાતના લોકોની ભાજપના નેતાઓએ માફી માગવી જોઇએ. ભાજપે ગુજરાત અને દેશને શું આપ્યું છે ? ગુજરાતમાં પોતાના હક્ક અને અધિકાર માટે જુદા જુદા 28 જેટલા આંદોલન ચાલી રહ્યા છે. અવાર નવાર ભાષણોમાં કોંગ્રેસના કારનામાની વાતો કરતા ભાજપ પ્રદેશ પ્રમુખશ્રી સી આર પાટિલ પોતાના પર લાગેલા 107 કેસના કારનામાની ચિંતા કરે. ગૌરવયાત્રા છે? લાખો શિક્ષીત યુવાઓ બેરોજગાર, ઓરડા વગરની શાળાઓ, 1270 શાળાઓ વચ્ચે એક જ શિક્ષક ભણાવે. નકલી દારૂથી હજારો મોત થાય, બેરોકટોક ડ્રગ્સ પરોસી યુવાધનને બરબાદ આ તમામ ભાજપના કારનામાઓનો ગૌરવ લઈને યાત્રા નિકળી રહ્યાં છે ? તેનો જવાબ ગુજરાતની જનતા જાણવા માંગે છે.

છેલ્લા અઢી દાયકા જેટલા લાંબા સમયગાળાના ભાજપના કુશાસન દરમ્યાન ગુજરાતની એક આખી પેઢી બેકારી, બેરોજગારી, દિશાવિહીનતાની ગર્તામાં ધકેલાઈ ગઈ છે. ગુજરાતમાં વારંવાર પેપર ફુટવાની ઘટના એ ભાજપની ઓળખ બની ગઈ છે ત્યારે સૌરાષ્ટ્રમાં વધુ એકવાર પેપર ફુટવાની ઘટના પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રી ઈન્દ્રવિજયસિંહ ગોહિલે જણાવ્યું હતું કે,. ગુજરાતમાં ભાજપના કુશાસનને કારણે પેપર ફુટવાનો સીલસીલો અટકવાનું નામ લેતુ નથી ત્યારે સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજમાં બી.બી.એ., બી.કોમ,ના પેપરલીકની ઘટના સામે આવી છે. ભાજપની પરીક્ષા લેવાની સિસ્ટમમાં ગોટાળા, ગેરરીતિઓની ફરીયાદો વારંવાર આવવા છતાં પણ કોઈ પરીક્ષા લેવાની સિસ્ટમમાં સુધારો થયો નથી. જેના લીધે ગુજરાતના યુવાનોના ભવિષ્ય મુશ્કેલીમાં મુકાયા છે તે ઘણો ચિંતાનો વિષય છે. ભાજપ સરકાર 25 વર્ષના શાસનમાં યુવાનોને રોજગાર આપવામાં નિષ્ફળ ગઈ છે દેશમાં અને ગુજરાતમાં બેરોજગારીનો પ્રશ્ન ચરમસીમાએ રહેલો છે. છેલ્લા 7 વર્ષમાં દેશમાં 8 કરોડ બેરોજગાર બન્યા છે. 45 વર્ષમાં સૌથી ઉંચો બેરોજગારીનો દર ભાજપા સરકારની ભેટ છે. ગુજરાતમાં સતત બનતી પેપર ફુટવાની ઘટનાઓ માટે જવાબદાર કોણ ? ગુજરાતની જનતાને ભાજપ જવાબ આપે.

રાજીવ ગાંધી ભવન ખાતે આયોજીત પત્રકાર પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખશ્રી બિમલ શાહ, પ્રદેશ મીડીયા પેનાલીસ્ટશ્રી હિરેન બેંકર, શ્રી પાર્થિવરાજ કઠવાડીયા, શ્રી કપીલ દેસાઈ ઉપસ્થિત રહ્યાં હતાં.

(ડૉ. મનિષ એમ. દોશી)
મુખ્ય પ્રવક્તા